Received on : 20-05-2026
Registered on : 20-05-2026
Decided on : 08-06-2026
Duration : Y M D
- - 19

## જૂનાગઢના મે.છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,
## મુ. જુનાગઢ

**ફોજદારી પરચુ.અરજી નં.૪૦૮/૨૦૨૬.**

આંક-

**અરજદાર.** સલીમ હબીબભાઈ પડાયા,
ઉ.વ.આ.૩૩,ધંધો-મજુરી,
રહે. કીરીટ નગર, ખોડીયાર પાનની સામે,
જુનાગઢ. જી.જુનાગઢ.
હાલ : જીલ્લા જેલ, જૂનાગઢ.

**-:: વિરૂધ્ધ ::-**

**સામાવાળા.** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય :-** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.

**ગુન્હો :-** બી.એન.એસ.ની કલમ-૩૧૭(૨),૩૧૭(૪) તથા આઈ.ટી.એકટની કલમ ૬૬(ડી) મુજબ.

**સંદર્ભ :-** જૂનાગઢ તાલુકા પો. સ્ટે.ગુ.રજી. નં. ૧૧૨૦૩૦૨૫૨૫૦૯૦૦/૨૫.

---

અરજદાર/આરોપી તરફે :વિ.વકીલશ્રી એ.આઈ.ઠેબા
સામાવાળા શ્રી સરકાર તરફે :વિ. પી.પી.શ્રી એન.કે.પુરોહીત

---

**-: ઠ રા વ :-**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ જૂનાગઢ તાલુકા પો. સ્ટે.ગુ.રજી. નં.૧૧ ૨૦૩૦૨૫૨૫૦૯૦૦/૨૫, બી.એન.એસ.ની કલમ-૩૧૭(૨),૩૧૭(૪) તથા આઈ.ટી.એકટની કલમ ૬૬(ડી) મુજબના ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ અન્વયે આ રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ.સરકારી વકીલશ્રી એન.કે.પુરોહીતનાઓ હાજર થયેલ છે અને આંક-૦૮ થી તપાસ કરનાર અમલદાર શ્રી એફ.બી.ગગનીયા, પોલીસ ઈન્સ્પેકટર, જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી એ.આઈ.ઠેબાનાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, આ કામેના અરજદાર સામે જૂનાગઢ તાલુકા પો. સ્ટે.ગુ.રજી. નં.૧૧ ૨૦૩૦૨૫૨૫૦૯૦૦/૨૫, બી.એન.એસ.ની કલમ-૩૧૭(૨),૩૧૭(૪) તથા આઈ.ટી.એકટની કલમ ૬૬(ડી) થી ગુનાની ફરીયાદ નોંધવામાં આવેલ છે. જે ફરીયાદ તા.૧૪/૧૨/૨૦૨૫ ના રોજ આપવામાં આવેલ છે. હાલના કામે અરજદાર/આરોપીની તા.૦૧/૦૨/૨૦૨૬ ના રોજ અટક કરેલ છે અને હાલન જયુડી.કસ્ટડીમાં રહેલ છે. આ કામે ચાર્જશીટ થઈ ગયેલ છે જેથી અરજદાર/આરોપીને કસ્ટડીમાં રાખવાનું યોગ્ય બનતું નથી. હાલના કામના અરજદાર/આરોપીની આ પ્રથમ જામીન અરજી છે. વધુમાં તપાસ કરનાર અધિકારીના સોગંદનામા મુજબ હાલના કામના અરજદાર/આરોપીના મોબાઈલ

નંબરનો ઉપયોગ ખાતું ખોલાવવા માટે થયેલ છે. તેમજ ઈન્ડસઈન્ડ બેન્ક મોતીબાગ શાખામાં એકાઉન્ટ ખોલવામાં આવેલ છે જેની પાસબુક તથા અન્ય દસ્તાવેજો વસીમ ઉર્ફે જાદુગરને આપેલ છે. આમ, હાલના કામના અરજદાર/આરોપીના મોબાઈલ નંબરનો ખાતુ ખોલાવવા માટે ઉપયોગ કરેલ છે તેવો ફરીયાદપક્ષનો કેસ છે. હાલના કામના અરજદાર/આરોપીએ કોઈ નાણાકીય લાભ મેળવેલ હોય તેવું બનેલ નથી. આરોપીએ કોઈ રૂપિયા મેળવેલ હોય કે રૂપિયા મેળવીને કોઈને આપેલ હોય તેવું પણ બનેલ નથી. આ કામે અરજદાર/આરોપી કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી. અરજદાર/આરોપી જુનાગઢના સ્થાનીક રહેવાસી છે. જેથી કોઈ જગ્યાએ નાસી કે ભાગી જાય તેમ નથી. જેથી જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે ફરીયાદપક્ષે વિ.પી.પી. શ્રી એન.કે.પુરોહીતનાઓએ જામીન અરજી સામે વાંધો હોવાનુ જણાવી રજુઆત કરેલ છે કે, આ કામે કુલ સાયબર ફ્રોડની રકમ ૨,૧૨,૮૨,૨૬૮/– રહેલ છે. વધુમાં આ કામે અન્ય આરોપીની જામીન અરજી નામંજુર કરવામાં આવેલ છે. હાલના કામે અરજદાર/આરોપીના બેન્ક એકાઉન્ટમાં સાયબર ફ્રોડના પૈસા જમા થયેલ છે. આમ, હાલના કામના અરજદાર/આરોપી ગુનામાં સીધી રીતે સંડોવાયેલ છે. જેથી જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષોના વિ.વ.શ્રીની દલીલો, તપાસ કરનાર અધિકારી એફ.બી.ગગનીયા, પોલીસ ઈન્સ્પેકટર, જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનનાઓનું આંક–૦૮ નું સોગંદનામું ધ્યાને લીધુ તથા રેકર્ડ ધ્યાને લીધુ. ફરીયાદપક્ષના કેસની હકીકત જોવામાં આવે તો, ઈન્ડસઈન્ડ બેન્ક મોતીબાગ શાખા જુનાગઢના એકાઉન્ટ નં.૨૫૯૯૪૯૩૭૩૯૪ ધારક મીત કન્સ્ટ્રકશન જામકા, સીંડીવાવ શેરી, ઓથોરાઈઝ સિગ્નેચરી આરોપી સુમરા શરીફ ઈશાકભાઈએ પોતાના બેન્ક એકાઉન્ટમાં સાઈબર

ફ્રોડના રૂપિયા જમા થતા હોવાનું જાણવા છતાં અલગ અલગ માધ્યમથી સાઈબર ફ્રોડથી મળેલ રૂપિયા રૂા.૨,૧૨,૮૨,૨૬૮/- જે એકાઉન્ટ ધારક પોતે અથવા તેની સાથે સંડોવાયેલ ઈસમોએ બદદાનતથી મેળવી પોતાના આર્થીક ફાયદા સારૂ વિડ્રો કરી સગેવગે કરી ગુનો કરેલ છે.

(૬) આ કામનું રેકર્ડ ધ્યાને લેતા ગુનાની તપાસ પુર્ણ થઈ ગયેલ છે જેના ફોજદારી કેસ નં.૧૬૦૯/૨૦૨૬ રહેલ છે. હાલના કામના અરજદાર/આરોપીની ગુનામાં ભજવેલ ભુમીકા જોવામાં આવે તો, આ કામે ઈન્ડસઈન્ડ બેન્ક મોતીબાગ શાખા જુનાગઢના એકાઉન્ટ નં.૨૫૯૯૪૯૩૭૩૯૪ ધારક મીત કન્સ્ટ્રકશન જામકા, સીંડીવાવ શેરી, ઓથોરાઈઝ સિગ્નેચરી આરોપી સુમરા શરીફ ઈશાકભાઈનાઓએ નુરમામદનાઓએ હાલના કામના અરજદાર/આરોપીનું વસીમભાઈ જાદુગરના કહેવાથી આપેલ છે. વધુમાં હાલના કામે અરજદાર/આરોપીએ અગાઉ પકડાયેલ આરોપી સુમરા શરીફભાઈના નામનું ખાતું ખોલાવેલ હોય તેમાં મોબાઈલ નંબરની જરૂર હોય હાલના કામના અરજદાર/આરોપીએ પોતાના નામનું સીમકાર્ડ ઉપયોગમાં લેવા સારૂ આપેલ અને તેના બદલામાં કમીશનના રૂપિયા લેવાનું નકકી કરી પોતાના નામનું સીમકાર્ડ મોબાઈલ નંબર ૯૯૦૪૯૩૭૩૯૪ કઢાવેલ અને પછી વસીમ જાદુગરના કહેવાથી અગાઉ આરોપી સાથે મોતીબાગ ઈન્ડસઈન્ડ બેન્કમાં ખાતું ખોલાવવા સારૂ ગયેલ અને તે બેન્ક ખાતામાં પોતાના નામનું સીમકાર્ડ કઢાવેલ હતું અને સીમકાર્ડ નંબર આપેલ હતો અને આ ખાતું શરીફભાઈના નામે ખુલી ગયેલ હતું અને ત્યારબાદ શરીફ જામનગર રહેવા ગયેલ અને જેથી તેનું ખાતાની ચેકબુક અને એ.ટી.એમ.કાર્ડ પોસ્ટમાં આવેલ અને ત્યાં હાલના કામના અરજદાર/આરોપી ચેકબુક અને એ.ટી.એમ. લેવા સારૂ ગયેલ અને આ ચેકબુક અને એ.ટી.એમ. લઈ વસીમ જાદુગરના જુનાગઢ ખાતે આપેલ હતું અને આરોપી વસીમ હાલના

અરજદાર/આરોપીને રૂપિયા પાંચ હજાર આપેલ હતા. આમ, હાલના કામના અરજદાર/આરોપીએ સાયબર ફ્રોડનો ગુનો આચરવામાં મહત્વની કડીરૂપ ભુમીકા ભજવેલ છે. વધુમાં હાલના કામનો સાયબર ફ્રોડનો ગુનો ધ્યાને લેતા ગંભીર પ્રકારનો હિનીયર ક્રાઈમ રહેલ છે. વધુમાં આ કામે ગુનાની તપાસ પુર્ણ થઈ જતા ચાર્જશીટ થઈ ગયેલ હોય તે માત્રથી ગુનાની ગંભીરતા ધ્યાને લેતા અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવાનું ન્યાયીક અને ઉચિત જણાતું નથી.

વધુમાં હાલના સમયમાં સાઈબર ફ્રોડના કિસ્સા દિનપ્રતિદિન વધતા રહેલ છે. વધુમાં કોઈપણ વ્યકિત પોતાના આર્થીક લાભ સારૂ પોતાનું એકાઉન્ટ ભાડેથી કે કમીશનથી સાઈબર ફ્રોડના નાણા જમા કરાવવા માટે પોતાનો આર્થીક લાભ મેળવવા માટે કોઈપણ પરીણામની પરવા કર્યા વિના પોતાનું એકાઉન્ટ આવી સાઈબર ફ્રોડની રકમ જમા કરાવવા માટે આપવામાં આવે છે અને ત્યારબાદ તે વ્યકિત ધ્વારા તેઓ ગુના બાબતે કશું જાણતા નથી તે બાબતે લુલો બચાવ લેવામાં આવતો હોય છે. હકીકતે આવા પ્રકારના ગુનો આચરવાના કારણે સમાજમાં રહેલ બાળકથી માંડીને વૃધ્ધો સુધીના લોકોના નાણા સાઈબર ફ્રોડીના સકંજામાં આવી જઈ નાણા ગુમાવતા હોય છે. ઘણા કિસ્સાઓમાં જે તે વ્યકિત પોતાની નિવૃતિ બાદની રકમ અથવા તો પોતાની મરણમુડી સાચવી રાખેલી હોય તે સાઈબર ફ્રોડનો ભોગ બનવાથી તેની સમગ્ર રકમ ખોઈ બેસતી હોય છે અને તે કારણસર ઘણા કિસ્સાઓમાં વ્યકિત ખુબજ આઘાતમાં પહોંચી જાય છે અને તે કારણસર આત્મહત્યા પણ કરતી હોય છે. આમ, આ કામનો ગુનો ધ્યાને લેતા તે સમાજ વિરોધી ગુનો રહેલ છે. વધુમાં આવા ગેરકાયદેસરની પ્ર વૃતિમાંથી ઉદભવેલ નાણાનો દેશ વિરોધી પ્રવૃતિમાં ઉપયોગ થતો હોય છે તેમજ આવા નાણા એક આર્થીક પ્રકારનો ગુનો પણ રહેલ છે. જે દેશની અર્થવ્યવસ્થાને પણ નુકશાન પહોંચાડે છે. આમ, આવા ગુના દેશ વિરોધી પ્રવૃતિ ગણી શકાય. વધુમાં આ કામે ફ્રોડની રકમ ધ્યાને લેતા કુલ રૂા.૨,૧૨,૮૨,૨૬૮/-

છે. ભારતભરના લગભગ અલગ અલગ રાજયના ૯૭ વ્યકિતઓ સાઈબર ફ્રોડનો ભોગબનનારાઓ રહેલ છે. આમ, આ એક આંતરરાજય ગુનો રહેલ છે. તે સંજોગોમાં ગુનાની ગંભીરતા ઘણી વધી જાય છે. આમ, આ કામના અરજદાર/આરોપી સામેનો આક્ષેપિત ગુનો, ગુનાની ગંભીરતા ઘ્યાને લેતા તથા ઉપરોકત ચર્ચા ઘ્યાને લેતા અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-:: હુ ક મ ::-</u>**

હાલના અરજદાર/આરોપી સલીમ હબીબભાઈ પડાયા, રહે. કીરીટ નગર, ખોડીયાર પાનની સામે, જુનાગઢ, જી.જુનાગઢવાળાની જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૨૦૩૦૨૫૨૫૦૯૦૦/૨૫, બી.એન.એસ.ની કલમ-૩૧૭(૨),૩૧૭(૪) તથા આઈ.ટી.એકટની કલમ ૬૬(ડી) મુજબના ગુનાના કામની હાલની રેગ્યુલર જામીન અરજી આથી ''નામંજુર'' કરવામાં આવે છે.

- આ હુકમની જાણ સબંધીત પોલિસ સ્ટેશનને કરવી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૮/૦૬/૨૦૨૬
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)